ચંદ્રાલા નાકાબંધી-વાહન ચેકિંગ પોઈન્ટ પાસે ટ્રકની અડફેટે હોમગાર્ડસ જવાનને ઈજા

ચિલોડા, તા. ૨

ગાંધીનગર તાલુકાના ચિલોડા-હિંમતનગર હાઈવે પર તાજેતરમાં ચંદ્રાલા પાસે વાહન ચેકિંગના ભાગ રૂપે ચેક પોઈન્ટની સુવિધા ઉભી કરવામાં આવી છે ત્યાં ચિલોડા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મી તથા હોમગાર્ડસ જવાન ટ્રાફિક નિયંત્રણ, વાહન ચેકિંગ તથા નાકાબંધી તરીકે ફરજ બજાવી રહ્યા છે. ત્યારે ચંદ્રાલા પાસેના નવ નિર્મિત નાકાબંધી પોઈન્ટે બેરીકેટ તથા બેરલ મુકવામાં આવ્યા છે ત્યારે હિંમતનગરથી ચિલોડા તરફ આવતી જી.જે.૧૮ એ.વી. ૭૮૮૮ નંબરના ટ્રકને રોકવા જતાં વાહનચાલકે પુર ઝડપે, તથા ગફલતભરી રીતે વાહન હંકારી મૂકી ભાગવાનો પ્રયાસ કરતી વખતી ફરજ પરના હોમગાર્ડ જવાન મેલાભાઈ મંગાભાઈ પટેલ (રહે. વાસણ ચૌધરી)ને અડફેટ લેતાં પગે ઈજા પહોંચી હતી. ત્યારબાદ ટ્રકચાલક ટ્રકને લઈ ચિલોડા તરફ ભાગતાં પી.સી.આરના પોલીસ કર્મી પ્રવિણ આચાર્ય તથા ઈન્દ્રજીત સિંહ બંનેએ પીછો કરી ટ્રક ચાલકને પકડીને ચિલોડા પોલીસ સ્ટેશનમાં લાવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ટ્રક ચાલકે હોમગાર્ડ જવાનનો મોબાઈલ ફોન ઝુંટવી ભાગવાનો પ્રયાસ કરતાં લોકો આવી પહોંચતાં ટ્રક ચાલકને પકડવામાં મદદ કરી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સે-૩માં ગટરની સમસ્યા ડામવા નવા મેઈન હોલ બનાવાશે

૨૦ ઠેકાણે મેઈનહોલ બનાવવા ટૂંકમાં કામ શરુ કરી દેવાશે

ગાંધીનગર, તા. ૨

સેકટર-૩માં વકરતી ગટરની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા નવા ૨૦ જેટલા મેઈનહોલ બનાવવાનું કામ ટૂંકમાં હાથ ધરાશે. સેકટરમાં ફાઈટરો મૂકીને દૂષિત પાણી ઉલેચવા તંત્રની ટીમ કામે લાગી છે. ત્યારે ગટરલાઈનને યોગ્ય કરવા નવા મેઈનહોલ બનાવવા લાકોના ખર્ચનું આયોજન કરી દેવાયું છે.

શહેરમાં ગટરો ઉભરાવવાની સમસ્યા દિન પ્રતિદિન જટીલ બનતી જાય છે. શહેરના જૂના સેકટરોમાં ગટરોનું દૂષિત પાણી માર્ગ વચાળે ઉભરાતું હોવાની ફરિયાદોનું માંડ નિરાકરણ આવ્યું છે. આવા સંજોગોમાં શહેરના નવા સેકટરોમાં ગટરોનો પ્રશ્ન આમ નાગરિકો માટે મુંઝવણનું કારણ બન્યો છે. શહેરમાં હયાત ગટરલાઈનની ક્ષમતા પર્યાપ્ત ન હોવાના લીધે નવી નવીસમસ્યાઓ ઉદભવે છે. શહેરની વસ્તી અને વિકાસ મુજબ ગટરલાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. તંત્ર પણ ગટરલાઈનના પ્રશ્ને મુંઝવણભરી સ્થિતિમાં હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. જયારે સે-૩માં ગટરો ઉભરાવાની સમસ્યાએ છેલ્લા ૧૫ દિવસથી ભરડો લીધો છે. રહેણાંક વિસ્તારમાં ગટરોનું દુષિત પાણી ઉભરાતા સ્થાનિક રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે. તંત્રની ટીમ પણ આ મામલે રોજબરોજ કામે લાગે છે. પરંતુ આ સમસ્યાને કાયમી ડામવા મેઈનહોલ નવા બનાવવાની અનિવાર્યતા હોવાથી આ મામલે ટૂંકમાં કામગીરી હાથ ધરવામાં આવશે. નવા મેઈન હોલ બનાવાયા બાદ જ ગટરોની સમસ્યાને કાયમી ડામી શકાશે.

શહેરના અતિ વ્યસ્ત ધ માર્ગ પર આવેલ હોટેલ પથિકામની સામે આજે એક મારૂતિવાન અને ફન્ટી કાર વચ્ચે ટકકર થવા પામી હતી. આ અકસ્માતમાં મારૂતિવાન ગાડીનો આગળનો વીન્ડ સ્ક્રીન સંપૂર્ણ પણે નીકળી ગયો હતો તેમજ બંને ગાડીઓને પણ સારું એવું નુકશાન થયું હતું. જો કે બનાવની મળતી વિગતો પ્રમાણે આ અકસ્માતમાં બે વ્યકિતને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

સ્કોર્પીયો ગાડીમાં ઘાતક હથિયારો રાખીને ફરતા બે શખ્સો ઝડપાયા

૩ લાકડી, ૨ લોખંડની પાઈપ, હોકી અને ધારીયા જેવા હથિયારો ચિલોડા પોલીસે જપ્ત કરી બન્નેની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ પાસે ચિલોડા પોલીસે સઘન વાહન ચેકીંગ શરૂ કર્યુ છે. દરમ્યાન રાજસ્થાન પાસીંગની એક સ્કોર્પીયો ગાડીમાં ચેકીંગ કરતાં તેમાંથી કેટલાક ઘાતક હથિયારો મળી આવ્યા હતા. ચિલોડા પોલીસે હથિયારો કબ્જે લઈને ગાડીમાં સવાર બે સખ્સો સામે કલેક્ટરના જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરીને ધરપકડ કરી લીધી છે.

રાજસ્થાનના ઉદેપુર વિસ્તારમાં રહેતા બે શખ્સો સ્કોર્પીયો ગાડી નં. આર.જે.૨૭.યુ.એસ.૨૨૨૯૪ લઈને ચિલોડા હાઈવે પરથી પસાર થયા હતા. ચિલોડા પોલીસનું સઘન વાહન ચેકીંગ ચાલી રહ્યું હતું. પી.આઈ. કે.કે. પંડ્યાએ સ્કોર્પીયોનું ચેકીંગ કરતાં તેમાંથી ઘાતક હથિયારો મળ્યા હતા. ગાડીમાંથી ૩ લાકડીઓ, ૨ લોખડની પાઈપો, હોકી, ધારીયા જેવું તિક્ષ્ણ હથિયાર મળી આવ્યા હતા. કયા હેતુથી આ હથિયારો ગાડીમાં રાખ્યા હતા તેની તપાસ ચાલી રહી છે. ચિલોડા પોલીસે ગાડી અને હથિયારો જપ્ત કરીને ઉદેપુરના રીતેશ દોલતરામ મીણા અને સંજય ધીરાજી મીણા સામે કલેક્ટરના જાહેરનામા ભંગ બગલ ગુનો દાખલ કરી ધરપકડ કરી લઈને કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

કાળીચૌદશ નિમિત્તે સે. ૨ સ્થિત બાલાજી હનુમાન મંદિર ખાતે ૫૬ ભોગ અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો. ભાવિ ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. (કશ્યપ નિમાવત)

ફિરોજપુર પાસે બાવળની ડાળીએ દોરડુ બાંધીને યુવાનનો આપઘાત

નેપાળી યુવાન પરિવાર સાથે ત્યાં જ એક ફાર્મમાં રહેતો હતો : પાંચેક દિવસથી બેચેન રહેતો હતો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક ફિરોજપુર ગામના એક ફાર્મ હાઉસમાં નોકરી કરતા પરિણીત નેપાળી યુવાને ફાર્મ હાઉસની સામેના ભાગે જ એક બાવળની ડાળીએ દોરડું બાંધીને જીવનલીલા સંકેલી નાંખી છે. યુવાને કયાં કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ સ્પષ્ટ થઈ શકી નથી. પરંતુ તેના પરિવારજનોના કહ્યા પ્રમાણે પાંચેક દિવસથી બેચેન રહેતો હતો. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

ફિરોજપુર ગામના એક ફોર્મ હાઉસમાં ઓરડીમાં પરિવાર સાથે રહેતા ૩૮ વર્ષિય પ્રેમભાઈ નામના નેપાળી યુવાને આજે સવારે ફાર્મ હાઉસની સામેની જગ્યાએ બાવળના ઝાડની ડાળી સાથે દોરડુ બાંધીને ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. નેપાળી યુવાને આપઘાત કયાં કારણે કર્યો તે હજુ બહાર આવ્યું નથી. પરંતુ તેના પત્નિના નિવેદન મુજબ છેલ્લા પાંચેક દિવસથી હેરાન પરેશાન જણાતા હતા. ડભઓડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાકલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

જૈન સોશ્યલ ગ્રૂપ દ્વારા મિઠાઈનું વિતરણ

જૈન સોશ્યલ ગ્રૂપ ગાંધીનગર દ્વારા દિવાળી નિમિત્તે ૩૧ ઓકટોબરના રોજ ગાંધીનગર શહેરની ઝુંપડપટ્ટીમાં વસતા ગરીબોમાં તેમજ કૈલાસધામ વૃધ્ધાશ્રમ, સે. ૬ વૃદ્ધાશ્રમમાં અને ડભોડા ભિક્ષુક ગૃહ ખાતે ૫૦૦ કિ.ગ્રા. મીઠાઈ અને ૪૦૦ કિ.ગ્રા. નમકીનના પેકટ્સનું વિતરણ કરીને ગરીબોની અંધકારમય દિવાળીને ઉજાસમાં ફેરવી નાખી છે.

ગાંધીનગર બસોબ્યાસી વણકર સમાજ સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર બસોબ્યાસી વણકર સમાજનો સ્નેહમિલન સમારોહ ૧૦ નવેમ્બર સાંજે ૫.૦૦ કલાકે કેમ્પુનીટી હોલ સે. ૭ ખાતે યોજવામાં આવશે. સંવત ૨૦૭૦ના નવલા નૂતન વર્ષને આવકારવા ગાંધીનગર વસાહતી બસોબ્યાસી વણકર સમાજ શહેરમાં વસતા સમાજના સભ્યોનો સ્નેહમિલન સમારોહ યોજાશે.

વિઘ્નેશ્વરી ટ્રસ્ટ માણસા પચાસમો નિઃશુલ્ક સારવાર કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાનો વડલો અને પાલઈ વિઘ્નેશ્વરી ધામ માણસા ખાતે તા. ૩ નવેમ્બર બપોરે ૨ થી ૬ કલાક દરમ્યાન ચામડીના રોગોના વિનામૂલ્યે સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. વિઘ્નેશ્વરી ટ્રસ્ટ દ્વારા ચાલતા ભગીરથ કાર્ય દર મહિનાના પ્રથમ રવિવારે ચામડીના રોગોનો કેમ્પ રાખવામાં આવે છે. જેમાં દિવાળીના દિવસનો કેમ્પ ટ્રસ્ટનો ૫૦મો કેમ્પ હોવાથી વિશેષ રીતે યોજવામાં આવશે. કેમ્પમાં ગાંધીનગરના નિષ્ણાંત ડૉ. ગૌરવ પટેલ હાજર રહી સેવાઓ આપશે. જેમાં મોટી સંખ્યામાં નગરની જનતાને લાભ લેવા ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે જણાવ્યું છે.

દિવાળીએ દિપ પર્વ હોવાની સાથે સાથે નૂતન વર્ષને સાથે લઈને આવે છે. આથી દિવાળી સમયે દરેક ઘરમાં સા ફસફાઈ કરવામાં આવે છે. જેથી નવા વર્ષનું સાફ સૂથરાં થઈને સ્વાગત કરી શકાય. દિવાળીની આ સફાઈમાં ઘરમાંથી નિકળેલ રદ્દી, ભંગાર અને નકામી ચીજવસ્તુઓને કારણે પસ્તી ભંગારવાળાનો વેપાર બમણો થઈ જાય છે પરંતુ આ વર્ષે ભંગારના વેપારીઓએ તેમનો ધંધો ખૂબ જ મંદો હોવાનું જણાવ્યું હતું. એકઠા થયેલા ભંગારને શોર્ટીંગ કરવાનું કામ કરતા માજીએ જણાવ્યું હતું કે આ સીઝન એટલી મંદી રહી છે કે તેમને આર્થિક સંકટનો સામનો કરવો પડી રહ્યો છે. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

વળતર... વળતર... વળતર...
ગાંધી જયંતિ અને દિવાળીના તહેવારો નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષમાં ફક્ત એક જ વખત તદ્દન નવી વેરાયટી નવા સ્ટોક સાથે
સ્પે. ઓફર 20% ડિસ્કાઉન્ટ
પડદાના કાપડ ઉપર
તા. ૨-૧૦-૨૦૧૩ થી ૩-૧૧-૨૦૧૩ સુધી
તેમજ હેન્ડલુમની તદ્દન નવી વેરાઈટીઓ, ટેરી ખાદી, પોલીસ્ટર ખાદી, કોટન ખાદી, ચાદર, ટુવાલ, લુંગી, આશનપટ્ટા, શેતરંજી, ચોરસા, સોફાબેક, ડ્રેસ મટીરીયલ્સ તેમજ હેન્ડલુમની અન્ય વેરાઈટી ઉપર ખાસ 10% ડિસ્કાઉન્ટ
ભારત હેન્ડલુમ
દુ.નં.૧૬, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૨૫૧૧૦
સર્વોદય હેન્ડલુમ
પ્લોટ-૨૧૭, દુ.નં.૧૪, શાકમાર્કેટ પાછળ, સેક્ટર-૨૧, ગાંધીનગર
ફોન : ૨૩૨૩૦૩૧૦
રવિવારે શો-રૂમ ચાલુ છે

રક્તદાન મહાદાન

અલ્ટ્રાટેક
VIRAT TMT BARS
UTKARSH
શ્રી રેમ્બો ટ્રેડર્સ

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૪
સૂર્યાસ્ત : ૬.૧૨

તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૬૧ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩ : ૮.૧૫, ૧૧.૧૫, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
ક્રિશ -૩ : ૧૦.૪૫, ૧.૪૫, ૫.૦૦, ૮.૧૫
: સ્ક્રીન-૪ :
ક્રિશ -૩ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૧૫, ૧૨.૦૦, ૧.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦
: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
ક્રિશ -૩ :૯.૧૫, ૧૨.૦૦, ૧.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦

વિરાગ, કલોલ

ક્રિશ -૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- શ્રીમતી રમીલાબેન વાઘેલા સેકટર ૩/સી માં રહેતા પ્લોટ નં. ૫૭૩/૧ ખાતે શ્રીમતી મધુબેન કે. કડીકરના કંઠે આનંદનો ગરબો યોજાશે.

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

વૃષભ : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

સિંહ : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૃહ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

તુલા : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

ધન : કુટુંબનું સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

મકર : સાહિત્ય પ્રવૃત્તિઓ પર સમય પસાર થશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : ધાર્મિક વૃત્તિ વધશે. આર્થિક યોગ સારો છે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

મીન : તમારી વિવેકની વિપરીત કાર્ય થવાથી હાની થઈ શકે છે. વધુ ખર્ચ ન કરવો. અટકેલા નાણાં માટે પ્રયત્ન કરવાથી લાભ થવાની સંભાવના છે.

ચિરવિદાય

- સ્વ. પ્રવિણચંદ્ર અંબાલાલ પુરાણી (ઉ.વ. ૫૫) સી/૧ અશ્વમેધ સોસાયટી, ચાંદખેડા, અમદાવાદ
- સ્વ. શંકરચંદ્ર ભગુભાઈ કોટડીયા (ઉ.વ. ૮૨) મુ.પો. પ્રતાપનગર (મકાખાડ) તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. આતાજી ભેઈજીજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ.પો. જેઠીપુરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. હસનજી રણછોડજી ઠાકોર (ઉ.વ. ૬૨) મુ.પો. લવારપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રાજુભાઈ ગુલાબભાઈ પટણી (ઉ.વ. ૪૫) સી/૧/જી, કૈલાસધામ એપાર્ટમેન્ટ, સેકટર-૧૫, ગાંધીનગર.
- સ્વ. અમરતભાઈ શંકરભાઈ સેનમા (ઉ.વ. ૫૬) મુ.પો. રિદ્રોલ, તા., જિ. ગાંધીનગર.